## વિધાનસભા ખાતે ડૉ. રાજેન્દ્રપ્રસાદની ૧૩૩મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભા કેમ્પસમાં આવેલા વિઠ્ઠલભાઈ ભવનમાં પ્રથમ માળે આવેલા પોડિયમમાં ડૉ.રાજેન્દ્રપ્રસાદના તૈલચિત્રને તેમના ૧૩૩મા જન્મદિવસ નિમિત્તે આજે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ભાવસર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિધાનસભા ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ડેપ્યુટી મેયર, વિધાનસભાના અધિકારી/કર્મચારીઓ સહિત શાળાના બાળકોએ ઉપસ્થિત રહી તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પી હતી.

## કોલવડા કેળવણી મંડળના હોદ્દેદારોની વરણી





ગાંધીનગર, તા.૩

કોલવડા કેળવણી મંડળની કારોબારી સભા યોજાઈ હતી. તેમાં આગામી વર્ષ માટે પ્રમુખ અને મંત્રીની વરણી કરાઈ હતી. પ્રવિણભાઈ બાબુલાલ પટેલની મંડળના પ્રમુખ તરીકે તથા છત્રસિંહજી બબાજી વાઘેલાની મંડળના મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્સાહી, કાર્યશીલ અને કાર્યદક્ષતા દાખવનાર, શૈક્ષણિક સંસ્થાના ઉત્કર્ષ માટેના અથાગ પ્રયત્નો કરનાર આ બંને મહાનુભાવો ઉમદા વ્યક્તિત્વ ધરાવનાર હોવાથી તેઓની પુનઃનિયુક્તિ કરાઈ છે.

# માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાથમિક વિભાગનો વાર્ષિકોત્સવ ઉજવાયો






## જિલ્લા કલેકટર સતિષ પટેલના અધ્યક્ષ સ્થાને આયોજિત રંગારંગ કાર્યક્રમમાં ૪૦૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાથમિક વિભાગનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ ટાઉનહોલ ખાતે આજરોજ યોજાયો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૪૦૦ થી વધુ નાના ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વાર્ષિકોત્સની થીમ ‘‘મારું કુટુંબ મારી દુનિયા‘‘ આધારીત હતી. બાળકોએ સુંદર દુનિયા પર વિવિધ કૃતિઓ અદ્‌ભુત રીતે ગીત-સંગીત તેમજ નાટક સ્વરુપે રજુ કરતા ભુલકાઓને ટાઉનહોલમાં હાજર સૌ કોઈએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. નાના ભુલકાઓનો વાર્ષિકોત્સવ નિહાળવા માટે મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ આવતા ટાઉનહોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે આજે સવારના સુમારે સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાથમિક વિભાગનો વાર્ષિકોત્સવ જિલ્લા કલેકટર સતિષ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપપ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળા પરિવાર તરફથી ઉપસ્થિત મહેમાનોનું ફુલહાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર બાળકોને કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા કલેકટર સતિષ પટેલે બાળકોને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. જયારે કાર્યક્રમની થીમ અનુસાર સુંદર દુનિયા, સુંદરતા આપણામાં, તે પગલાં મારી સાથે ચાલે છે, મા-બાપને ભુલશો નહી, આનંદી કુટુંબ દ્વારા નાના નાટક અને ડાન્સ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. નાના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ સુંદર રીતે રજુ કરતા નાના ભુલકાઓને ટાઉનહોલમાં હાજર સૌ ભાઈ બહેનોએ તાળીઓથી વધાવી લીધા હતા. વિદ્યાર્થીઓને શાળાના પુસ્તીકય જ્ઞાનની સાથોસાથ શરીરના આંતરીક ગુણોને ખીલવવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રાયમરી વિભાગના કો-ઓડીર્નેટર સિસ્ટર યુનિસિયા અને શાળાના શિક્ષકોના અથાગ પ્રયત્નો અને આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

# મહાત્મા મંદિરમાં વેસ્ટેક-૨૦૧૬ ઈન્ટરનેશનલ સમિટનો પ્રારંભ



ગાંધીનગર, તા.૩

શ્રી વિજયભાઈ રૂપાણીએ મહાત્મા મંદિરમાં વેસ્ટેક-૨૦૧૬ ઈન્ટરનેશનલ સમિટનો કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી અનિલ માધવ દવેની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ના પૂર્વાર્ધરૂપે યોજાયેલી આ સમિટમાં ભારતના વિવિધ રાજયો અને વિદેશોના વેસ્ટ મેનેજમેન્ટ તથા પર્યાવરણ પ્રદૂષણ નિયંત્રણ ક્ષેત્રના તજજ્ઞો, ઉદ્યોગકારો ભાગ લઈ રહ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યુ કે, ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની સફળ શ્રૃંખલાઓને પગલે ઔદ્યોગિક વિકાસ સતત વધતો રહ્યો છે પરંતુ તે સાથે ઔદ્યોગિક પ્રદૂષણ નિવારવાના સઘન ઉપાયો પણ રાજ્ય સરકારે લીધા છે.

દેશમાં ઔદ્યોગિક ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટની કુલ ક્ષમતાના ૫૦ ટકા એકલા ગુજરાતમાં છે. એટલું જ નહીં રાજ્યના ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન નીકળતો ઘન કચરો પણ સિમેન્ટ ઉદ્યોગમાં ઈંધણ તરીકે કો-પ્રોસેસિંગ માટે વપરાય છે.

કેન્દ્રીય વન પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ રાજ્યમંત્રી અનિલ માધવ દવેએ વેસ્ટેક સમિટના ગુજરાતના નવતર અભિગમને આવકારતા જણાવ્યું હતું કે, પર્યાવરણના જતનની જવાબદારી સમાજ, ઉદ્યોગ અને સરકારની રહી છે ત્યારે આપણે સૌએ પણ ઘરના કચરાનો યોગ્ય નિકાલ કરવો અનિવાર્ય છે.

તેમણે ભોજનનો બગાડ ન કરવાનો અનુરોધ કરતાં ઉમેર્યું હતું કે, ઘરના કચરાનો કચરાના વર્ગીકરણ આધારિત નિકાલ કરવા સૌએ પ્રયાસો કરવા પડશે.

દવે ઉમેર્યું હતું કે, વિશ્વના ભવિષ્ય માટે સોલાર, સાયકલ અને રિસાયકલના મુખ્ય ત્રણ સ્તોત્ર રહ્યા છે ત્યારે અદ્યતન યુગમાં વેસ્ટનો નિકાલ તબક્કાવાર ટેકનોલોજીના માધ્યમ દ્વારા થાય તે અનિવાર્ય છે. ઉદ્યોગો દ્વારા પણ વેસ્ટનો નિકાલ આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ કરવો જરૂરી છે.

આ સમિટમાં સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ચેરમેન એસ.પી.સિંઘ પરિહર, નેશનલ પ્રોડેકટીવીટી કાઉન્સિલના ડેપ્યુટી ડાયરેકટર જનરલ આર.વિરેન્દ્ર, જી.પી.સી.બી.ના સભ્ય સચિવ શ્રી હાર્દિક શાહ સહિત દેશ-વિદેશના વેસ્ટટેક ક્ષેત્રના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લા બાળસુરક્ષા કચેરી ગાંધીનગર દ્વારા શનિવારે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે શારદા ટ્રસ્ટ સંચાલિત માનસિક વિશિષ્ટ બાળકોની નિવાસી શાળા સ્મૃતિ વિકાસ શાળા, પ્રાંતિયા ખાતે ચિત્ર સ્પર્ધા તેમજ વિવિધ રમતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જિલ્લામાં ચાલુ વર્ષે ખિલખિલાટ વાનનો મહત્તમ ઉપયોગ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલુ વર્ષમાં જાન્યુઆરીથી ઓક્ટોબર માસ દરમિયાન ૪૩૮૭ નવજાત બાળકોએ જન્મ લીધો છે ત્યારે હોસ્પિટલમાંથી ૪૨૭૫ પ્રસુતા મહિલાઓને બાળક સાથે ઘરે પહોંચાડવાની ભગીરથ સેવા ખિલખિલાટ વાને પુરી પાડી છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં મોટા પ્રમાણમાં લાભ લેતા હોવાથી હોસ્પિટલમાં પહેલા કરતા એક ખિલખિલાટ વાનમાં વધારો કરવામાં આવતા અત્યારે હાલ ૩ ખિલખિલાટ વાન પ્રસુતા મહિલા તેમજ બાળકને ઘરે પહોંચાડવાની સેવા કરે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. મેડીકલ કોલેજ બન્યા બાદ દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે ગાંધીનગર સહિત આસપાસના ગામડાઓમાંથી મોટાભાગની સગર્ભા મહિલાઓ પ્રસુતિ માટે ગાંધીનગર હોસ્પિટલમાં આવે છે. ત્યારે સરકારના આરોગ્ય વિભાગ અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા બાળક અને પ્રસુતા મહિલાઓને ઘરે સહી સલામત પહોંચાડવા માટે ખિલખિલાટ વાન મુકવામાં આવી છે. રાજયમાં આ સેવાથી પ્રસુતા મહિલાઓ મોટીસંખ્યામાં લાભ રહી છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં પણ ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૪૭૮૫ નવજાત બાળકોએ જન્મ લીધો છે તેની સામે ૪૨૭૫ જેટલી પ્રસુતા માતાઓ ખિલખિલાટ વાનનો લાભ મેળવયો છે. જિલ્લામાં ખિલખિલાટ વાનનો લાભ લેનારા દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાતા પહેલા કરતા વાનમાં પણ તંત્ર દ્વારા વધારો કરાયો છે.

## ‘નૌ સેના દિન’ નિમિત્તે રાજયપાલે પાઠવી શુભકામનાઓ

ગાંધીનગર, તા.૩

‘નૌ સેના દિન’ ડિસેમ્બર તા. ૪ નિમિત્તે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ ભારતીય નૌ સેનાના અધિકારીઓ અને નૌ સૈનિકો જે ત્યાગ અને રાષ્ટ્રભાવનાની સાથે માતૃભૂમિની સેવામાં કાર્યરત છે તેમને શુભકામનાઓ પાઠવી છે.

‘નેવી ડે’નો સંદેશો પાઠવતાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે ભારતના નિર્ણાયક વિજયમાં પરિણમેલા ભારતીય નૌ સેનાના ૧૯૭૧માં પાકિસ્તાનના કરાંચી બંદર પરના સફળ હુમલાની વિજયસ્મૃતિમાં ‘નેવી ડે’ પ્રતિ વર્ષ ડિસેમ્બર ૪ના રોજ ઉજવવામાં આવે છે. આજના દિવસે આપણે સૌ રાષ્ટ્રની સમુદ્રી સીમાના સંરક્ષણ માટે અદ્યતન ટેકનોલોજીથી સજજ ભારતીય નૌસેનાના નિઃસ્વાર્થ રાષ્ટ્રપ્રેમ અને અનન્ય સમર્પણનું સ્મરણ કરીએ છીએ.




**જિલ્લા બાળસુરક્ષા કચેરી ગાંધીનગર દ્વારા વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી રૂપે વિવિધ કાર્યક્રમો યોજાયાં**

વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણીના ભાગરૂપે જિલ્લા બાળ સુરક્ષાની કચેરી દ્વારા જિલ્લાના વિવિધ સંસ્થાઓમાં વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાની સમર્પણ મુકબધિર શાળા સેકટર-૨૮, દિવ્યાંગ શાળા - ઉવારસદ, શારદા ટ્રસ્ટ પ્રાંતિયા, માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર - સેકટર-૧૫, ડે કૅર સ્કૂલ, બહેરા-મુંગા શાળા, દહેગામ વગેરે દિવ્યાંક સંસ્થાઓમાં રહેતા બાળકો સાથે વિવિદ મનોરંજન રમતો, ચિત્રસ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, આરોગ્ય કેમ્પ રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી પ્રવૃત્તિ દ્વારા ઉજવણી કરી બાળકોનો પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

